# UCCC&SPBCBA&SDHGCBCA&IT,UDHNA

## FYBCOM SEM -II

## Accounting for Specific Businesses

## <u>Unit- આડતમાલ ખાતું(Consignment Account)</u>

## આડતમાલના હિસાબો

**આડતમાલની વ્યાખ્યા:**

(૧) માલનું કમિશનથી વેચાણ કરવા માટે પોતાને હિસાબે અને જોખમે દેશમાં અન્ય સ્થળે કે પરદેશમાં પોતાના એજન્ટને માલ મોકલી વેચાણ કરવાની પદ્ધતિને આડતમાલ (Consignment) કહે છે.

(૨) શ્રી કાર્ટરજણાવે છે કે,"માલનો અમુક જથ્થો એક સ્થળેથી બીજે સ્થળે, સામાન્ય રીતે પરદેશમાં, કમિશનથી વેચવા માટે એજન્ટને મોકલવો, તેને મોકલેલ આડતમાલ (Outward Consignment) કહે છે."

(૩) કોહલરલખે છે, "આડતમાલ એટલે ભવિષ્યના વેચાણ માટે કે અન્ય હેતુ માટે રવાના કરેલ માલ, જેમાં માલની માલિકી મોકલનારની (માલધણીની) રહે છે અને જે માટે માલ મેળવનાર, તે સ્વીકાર્યા પછી તે માટે જવાબદાર રહે છે."

- જે વ્યક્તિ વેચાણ માટે માલ મોકલે છે તેને માલધણી (Consignor) કહે છે.
- જે વ્યક્તિને માલ વેચવા માટે મોકલવામાં આવે છે તેને આડતિયો (Consignee) કહેવામાં આવે છે.
- માલધણી માટે આવો માલ મોકલેલ આડતમાલ (Outward Consignment) છે.

UDHNA

- આડાતયાન આ રાત વચવા માટ માલ મળ તન મળલ આડતમાલ (Inward Consignment) કહે છે.
- આડતિયાને માલનું વેચાણ કરવા બદલ જે મહેનતાણું મળે તેને કમિશન (Commission) કે આડત કહે છે.

**લક્ષણો:**

(૧) આડતમાલના ધંધામાં માલધણી અને આડતિયો એમ બે પક્ષકારો હોય છે.

(૨) બે પક્ષકારો વચ્ચેનો સંબંધ વેપારી-ગ્રાહકોનો નથી; પરંતુ માલિક અને એજન્ટ તરીકેનો છે.

(૩) માલ સંપૂર્ણપણે માલધણીને હિસાબે અને જોખમે વેચવામાં આવે છે. નફો કે ખોટ સંપૂર્ણપણે માલધણીનાં છે. આડતિયાને ફક્ત કમિશન સાથે જ સંબંધ છે.

(૪) માલને નુકસાન થાય કે માલ નાશ પામે તે અંગે આડતિયો કોઈ રીતે જવાબદાર નથી.

(૫) આડતિયો માલધણી વતી કોઈ ખર્ચ કરે તે માલધણી પાસેથી વસૂલ કરવાનો તેને અધિકાર છે.

---

## <u>માલધણીના ચોપડે આડતમાલ અંગે આમનોંધ</u>

**સ્ટેપ ૧. આડતિયાને માલ મોકલવામાં આવે**

**આડતમાલ ખાતે.        ઉ.**

---

UDHNA CO

તે આડત પર મોકલેલ માલ ખાતે. જ.

સ્ટેપ ૨. માલધણી ખર્ચ ચૂકવે.

આડતમાલ ખાતે. ઉ.

તે રોકડ કે બૅન્ક કે ખાતે. જ.

સ્ટેપ ૩. આડતિયા તરફથીએડવાન્સ મળે ત્યારે,

રોકડ કે બૅન્ક કે લેણી હૂંડી ખાતે. ઉ.

તે આડતિયા ખાતે. જ.

સ્ટેપ ૪. હૂંડી વટાવાયત્યારે

રોકડ ખાતે ઉ.

આડતમાલ(વટાવ)ખાતે ઉ.

તે લેણીહૂંડી ખાતે. જ.

સ્ટેપ ૫. આડતિયાનુંવેચાણ

આડતિયા ખાતે. ઉ.

તે આડતમાલ ખાતે જ.

સ્ટેપ ૬. આડતિયાનો ખર્ચ

UDHN

**સ્ટેપ ૬. આડતિયાનો ખર્ચ**

આડતમાલ ખાતે ઉ.

તે આડતિયા ખાતે. જ.

**સ્ટેપ ૭. આડતિયાનું કમિશન**

આડતમાલ ખાતે ઉ

તે આડતિયા ખાતે. જ.

**સ્ટેપ ૮. આડતિયાએ મોકલેલ રકમ**

રોકડ કે બેન્ક ખાતે (લેણી હૂંડી ખાતે). ઉ.

તે આડતિયા ખાતે જ.

**સ્ટેપ ૯. આડતમાલનો આખર સ્ટોક ચોપડે લાવવા**

આડતમાલ સ્ટોક ખાતે. ઉ.

તે આડતમાલ ખાતે. જ.

**સ્ટેપ ૧૦. આડતમાલનો નફો**

આડતમાલ ખાતે. ઉ.

તે નફા– નુકશાન ખાતે જ.

**સ્ટેપ ૧૧, આડત પર મોકલેલ માલ ખાતું બંધ કરવા**

આડત પર મોકલેલમાલ ખાતે ઉ.

તે વેપાર ખાતે જ.

| માલધણીના ચોપડે આડતમાલનું ખાતું | | | | | |
|---|---|---|---|---|---|
| આડત પર મોકલેલ માલ(ભ.કી.) | | | આડત પર મોકલેલ માલ(નફો) | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| રોકડ/બેન્ક ખાતે (ખર્ચા) | | | <u>આડતિયા ખાતે</u> | | |
| લેણીહૂંડી ખાતે (વટાવ) | | | રોકડ વેચાણ | | |
| આડતિયા ખાતે (ખર્ચા) | | | ઉધાર વેચાણ | | |
| આડતથી પરત આવેલ માલ(નફો) | | | ભલામણ વેચાણ | | |
| <u>આડતિયા ખાતે</u> | | | આડતિયાની ખરીદી | | |
| સામાન્ય આડત | | | | | |
| આસામી આડત | | | આડતથી પરત આવેલ માલ(ભ.કી.) | | |
| આડતિયા ખાતે(ઘાલખાધ) | | | આખર સ્ટોક (ભ.કી.) | | |
| આખર સ્ટોક (નફો) | | | | | |
| ચોખ્ખો નફો (સ.ન.નું.ખાતે) | | | | | |
| | | | | | |

| આડતિયાનું ખાતું | | | |
|---|---|---|---|
| <u>વેચાણ</u> | | લેણીહૂંડી ખાતે | |
| રોકડ વેચાણ | | આડતમાલ ખાતું (ખર્ચા) | |
| ઉધાર વેચાણ | | આડતમાલ ખાતું – સામાન્ય આડત | |
| ભલામણ વેચાણ | | આસામી આડત | |
| આડતિયાની ખરીદી | | આડતમાલ ખાતું (ઘાલખાધ) | |
| | | બેન્ક ડ્રાફ્ટ ખાતે (?) | |
| | | | |
| | | | |

<u>**આડતિયાના ચોપડે માલધણીનું ખાતું**</u>

| આડતિયાના ચોપડે માલધણીનું ખાતું | | | |
|---|---|---|---|
| લેણીહૂંડી ખાતે | **** | <u>વેચાણ</u> | **** |
| માલધણી ખાતે (ખર્ચા) | **** | રોકડ વેચાણ | **** |
| માલધણી ખાતે – સામાન્ય આડત | **** | ઉધાર વેચાણ | **** |
| આસામી આડત | **** | ભલામણ વેચાણ | **** |
| માલધણી ખાતે (ઘાલખાધ) | **** | ખરીદ ખાતે | **** |

| | | | |
|---|---|---|---|
| બેન્ક ડ્રાફ્ટ ખાતે (?) | **** | | |
| | | | |
| | **** | | **** |

**વેચાણ આંકડો** (Account Sales):

આડતિયો પોતાને માલધણી તરફથી મળેલ માલનું વેચાણ કરે છે અને તે અંગેની માહિતી દર્શાવ એક પત્રક માલધણીનેમોકલાવે છે. આ પત્રકને વેચાણ આંકડો કહે છે. આ પત્રકમાં આડતિયો નીચે મુજબ વિગતો જણાવે છે :

(અ) વેચાણની કુલ રકમો-જેમાં ઉધાર અને રોકડ બંને વેચાણ જણાવવામાં આવે છે.

(બ) આડતમાલ અંગે આડતિયાએ કરેલ ખર્ચની વિગત

(ક) આડતિયાએ આડતમાલ અંગે એડવાન તરીકે આપેલ રકમ.

(ક) આડતિયાએ આડતમાલ અંગે એડવાન તરીકે આપેલ રકમ.

(ડ) છેવટે માલધણીને આપવાની ચોખ્ખી રકમ જણાવવામાં આવે છે. જો આડતિયવેચાણઆંકડા સાથે બાકી રકમનો ડ્રાફ્ટ પણ મોકલતો હોય તો તેનો પણ ઉલ્લેખ કરે છે.

**આખર સ્ટૉકની કિંમત :**

જ્યારે વર્ષના અંત સુધીમાં આડત પર મોકલેલ માલ પૂરેપૂરોવેચાયો ન હોય ત્યારે આડતમાલનો નફો શોધવા માટે વર્ષને અંતે વેચાણ વિનાનો પડેલો આડતમાલ અંગેનો આખરનો સ્ટૉક આડતમાલ ખાતે જમા કરવો જોઈએ. (જે રીતે સામાન્ય ધંધાનો આખરનો સ્ટૉક વેપાર ખાતે જમા કરીએ છીએ તે રીતે, કારણ કે આડતમાલ ખાતું પણ એક પ્રકારનું વેપાર ખાતું છે.)

વર્ષને અંતે જયારેઆડતમાલનો આખર સ્ટૉક ચોપડે લાવવો હોય ત્યારે નીચેની આમનોંધ થાય છે :

૧. આડતમાલ સ્ટૉક ખાતે ઉ.

    તે આડતમાલ ખાતે.        જ.

વર્ષને અંતે પાકા સરવૈયામાં આ સ્ટૉક મિલકત તરીકે બતાવાય છે.

બીજે વર્ષે શરૂઆતમાં આ આમનોંધ ઉલટાવી નાંખવામાં આવે છે. તે અંગે નીચે મુજબ આમનોંધથાય છે.

૨.આડતમાલ ખાતે ઉ.

    તે આડતમાલ સ્ટૉક ખાતેજ.

**આખર સ્ટોકની ગણતરી નીચે મુજબ કરવામાં આવે છે:**

આખર સ્ટોક = *****

+માલધણી પ્રમાણસર ખર્ચા = *****

+આડતિયાના પ્રમાણસર ખર્ચા = *****

**આખર સ્ટોક (ભ.કી.) = *******

આડતિયાના પ્રમાણસર ખર્ચા ઉમેરતી વખતે નીચે મુજબ ખર્ચના બે ભાગ પાડવામાં આવે છે.

| **બિન આવર્તક ખર્ચા (વારંવાર નહીં થતાં ખર્ચા )** | **આવર્તક ખર્ચા (વારંવાર થતાં ખર્ચા )** |
|---|---|
| માલ છોડવાનો ખર્ચા | ગોડાઉન ભાડું |
| જકાત | ગોડાઉન વીમો |
| ઓકટ્રોઈ | ઓફિસ વહીવટી ખર્ચા |
| આવક્માલ મજૂરી | વેચાણ-વિતરણ ખર્ચા |

**આડતમાલના આખર સ્ટોકનું મૂલ્યાંકન નીચે મુજબ પણ કરી શકાય:**

| વિગત | એકમો | રૂ. |
|---|---|---|
| મોકલેલ માલ | ****** | ****** |
| -સામાન્ય ઘટ | ****** | ****** |
| + માલધણીના ખર્ચા | ****** | ****** |
| -રસ્તામા નુકશાન | ****** | ****** |
| +આડતિયાના ખર્ચા | ****** | ****** |
| વેચાણલાયક માલ પડતર | ****** | ****** |
| આખર સ્ટોક | ****** | ****** |

આખર સ્ટોકનું મૂલ્યાંકન = સ્ટોકના એકમો X વેચાણલાયક માલની પડતર/ વેચાણલાયક એકમો

**આસામી આડત**

આડતિયાને વેચાણ પર સામાન્ય રીતે અમુક ટકા લેખે આડત આપવામાં આવે છે અને ઉધાર વેચાણનાં નાણાં અંગે આડતિયો કોઈ જવાબદારી લેતો નથી. પરંતુ પરદેશના ગ્રાહકોને માલધણી ઓળખતો નથી એટલે ઉધાર વેચાણમાંથી ઉદ્ભવતી ઘાલખાધની શક્ય ખોટ અંગે આડતિયાને જવાબદારી સોંપવી ઇચ્છનીય છે. એટલે આડતિયાને આવી જવાબદારી સ્વીકારવા બદલ વધારાની આડત આપવામાં આવે છે, જેને આસામી આડત કહેવામાં આવે છે. આ સંજોગોમાં ઉધાર વેચાણનાં પૂરેપૂરાં નાણાં આડતિયો

પોતે ચૂકવે છે અને ઘાલખાધ પડે તો તે આડતિયો ભોગવે છે. આસામી આડત ગણતરી અંગે નીચે દર્શાવેલ પગલાં ધ્યાને લેવાં ઘટે :

(૧) ઉધાર વેચાણ અલગ આપ્યું હોય તો ઉધાર વેચાણ પર આસામી આડત ગણવી.

(૨) માલધણીની ભલામણથી કરેલ ઉધાર વેચાણ પર આસામી આડત ગણવી નહિ.

(૩)દાખલામાં ઉધાર વેચાણ અને રોકડ વેચાણ અલગ આપ્યું ન હોય તો કુલ વેચાણ પર આસામી આડત ગણવી.

(4) દાખલમાં આપેલ વાક્ય રચના પરથી ઉધાર વેચાણ નક્કી કરી શકાતું હોય તો તેના પર જ આસામી આડત ગણવી.

**આડત પર મોકલેલ માલને નુકસાન:**

આડત પર મોકલેલ માલ અંગે કોઈક વાર આકસ્મિક નુકસાન થાય અથવા માલ એવા પ્રકારનો હોય તેમાં અનિવાર્યપણે અમુક ઘટ પડે છે. આ રીતે આડત પર મોકલેલ માલ અંગે થયેલ નુકસાનના બે પ્રકાર છે :

---

(૧) જે નુકસાન અનિવાર્ય હોય અને ગમે તેટલા પ્રયત્નો છતાં જે અટકાવી ન શકાય તેને સામાન્ય નુકસાન (Normal Loss) કહેવાય છે. આવું નુકસાન કુદરતી છે અને તે વસ્તુમાંના આંતરિક ગુણને લીધે થાય છે. દા.ત., બાષ્પીભવનને કારણે અથવા સુકાઈ જવાને કારણે થતું નુકસાન, દૂધને ઉકાળવાથી જથ્થામાં ઘટ પડે, પેટ્રોલ ખુલ્લું રહેવાથી ઊડી જાય, મોટો જથ્થો તોડવાને પરિણામે પડતી ઘટ વગેરે.

સામાન્ય નુકસાન અનિવાર્ય છે એટલે આવું નુકસાન આડતમાલ ખાતાએ જ ભોગવવું જોઈએ. તેનો અર્થ એ છે કે સામાન્ય નુકસાન અંગે ચોપડે કોઈ નોંધ કરવી નહિ. તેનું પરિણામ એ આવશે કે આડતમાલ ખાતાનો નફો ઓછો આવશે, એટલે કે આડતમાલ ખાતાએ નુકસાન ભોગવ્યું ગણાશે.

**વળી, સામાન્ય નુકસાનના કારણે આખર સ્ટૉકની કિંમત પ્રમાણસર વધી જશે.**

(૨) જે નુકસાન નહિ ધારેલ કે આકસ્મિક હોય તેને અસામાન્ય નુકસાન (Ahmormal Loss) કહેવાય છે. દા.ત., માલ મોકલતાં રસ્તામાં તેને કાંઈ નુકસાન થાય કે માલ ચોરાઈ જાય, આગથી નાશ પામે વગેરે.

અસામાન્ય નુકસાન આડતમાલ ખાતાએ ભોગવવાનું નથી, તેથી તે નફાનુકસાન - ખાતું જ ઉધારવું જોઈએ અને આડતમાલ ખાતે જમા કરી દેવું જોઈએ . આમ કરવાથી આડતમાલનો નફો ઘટશે નહિ.

---

**<u>Exercise:</u>**

1.આડતિયાએ રૂ.400000ની ભરતિયા કિંમતનો માલ રૂ.450000માં રોકડેથી વેચ્યો.રૂ.500000ની ભરતિયા કિંમતનો માલ રૂ.650000માં જોષી ને ઉધાર વેચ્યો.રૂ.100000ની ભરતિયા કિંમતનો માલ દેસાઇનેમાલધણીનીભલામણથી ઉધાર વેચ્યો અને રૂ.30000નો માલ પોતે ખરીધોહતો.નુકશાની માલ રૂ.20000માં વેચ્યો.

આડતિયાને કુલ વેચાણ પર 5%આડત,ઉધાર વેચાણ પર 3%આસામી આડત અને ભરતિયા કિંમત કરતાં વધારે ઉપજાવેલ રકમ પર 10%વધારાની આડત આપવાની છે.કુલ આડત ગણો.

2.નીચેની માહિતી પરથી આડતમાલનો છેવટનો સ્ટોક ગણો.

આડત પર મોકલેલ 20000લિટર રસાયણ 400000

માલધણીએ ચૂકવેલ ખર્ચા 10000

રસ્તામાં 4000લિટર રસાયણ ઢોળાઈ ગયું

આડતિયાએચૂકવેલનુર અને જકાત 4000

વીમા કંપનીએ ચૂકવેલ રકમ 50000

કુદરતી કારણોસર ઘટ પડી 500લિટર

આડતિયાએ વેચેલ રસાયણ 13500લિટર

3.મહેસાણાના મધુભાઇ એ દરેક રૂ.100ની એક એવી 5000 પ્લાસ્ટિક પાઇપો હિંમતનગરના હર્ષદભાઇ ને આડત થી વેચવા મોકલી.રૂ.20000 નૂર અને વીમાના ચૂકવ્યા.રસ્તામાં 500 પાઇપો આગથી નાશ પામો જેનો વીમા કંપનીએ રૂ.40000નો દાવો મંજૂર રાખ્યો.અસામાન્ય નુકશાનની નોંધ આપો.

4.15 કિલોના એક એવા 100 તેલ ના ડબ્બા દરેક રૂ.530ના ભાવે ભાવનગરી એ અમદાવાદીને આડત પર વેચ્યા મોકલ્યા.તેને રૂ.625 ખર્ચના ચૂકવ્યા.5% સામાન્ય ઘટ માનવામાં આવે છે.જો 285 કિલો છેવટનો સ્ટોક હોય તો તેની કિંમત ગણો.

5. નવયુગ ટી કંપનીએ 1000 કિલો ચા રૂ.100ના ભાવે આડતથી વેચવા મોકલી. માલધણીએ રૂ.5000 ખર્ચનાચૂકવ્યા. આડતિયાએ ગોદામમાં આગ લાગવાથી 100કિલો ચા નાશ પામી.વીમા કંપનીએ 25% દાવો ઓછો સ્વીકાર્યો.

6. સૂરજે 18750 કિ.ગ્રા. જીવરાજ ચા કિલોના રૂ.150ના ભાવે આડત થી વેચવા મોકલી અને રૂ.18750 સીધા ખર્ચાચૂકવ્યા.રસ્તામાં અકસ્માત થવાથી 750કિલો ચાનું નુકશાન થયું વીમા કંપનીએ આ અંગે રૂ.108750નો દાવો સ્વીકાર્યો.સૂરજના ચોપડે જરૂરી આમનોધ લખો.

7. માલધણીએ આડતિયા પર લખેલી તા.10-10-2024ના રોજ ત્રણ માસની મુદતની હૂંડી બેંકમાં રૂ.19965 ના વટાવથી વટાવી. વટાવનો દર વાર્ષિક 11%ના લેખે છે માલધણીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

8.માલધણીએ આડતિયા પર તા 1-1-2024 ના રોજ ત્રણ માસની મુદત ની હૂંડી બેંકમા રૂ. 24300ના વટાવથી વટાવી. વટાવનો દર માસિક 0.90%લેખે છે. માલધણીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

9)15 કિલોનો એક એવા 200 નંગ તેલના ડબ્બા દરેક રૂ. 1800 ના ભાવે અમરચંદે સુરતીને આડતથી વેચવા માટે મોકલ્યા.તેમણે ₹3,000 ખર્ચના ચૂકવ્યા. 10 % સામાન્ય ઘટ માનવામાં આવે છે જો 570 કિલો છેવટનો સ્ટોક હોય તો તેની કિંમત નક્કી કરી આમનોંધ લખો.

10. દમણ ના દેવર્શે ધરમપુરના ધ્યેયને 750 પેનડ્રાઈવ દરેક રૂ.400ની ભરતિયા કિંમતે આડત થી વેચવા મોકલી.પડતર કિંમત પર 33 1/3% નફો ચઢાવી ને ભ.કિ. નક્કી કરવામાં આવે છે.માલ મોકલતા રૂ.11250નો ખર્ચ કર્યો.

11.નીચેની માહિતી પરથી આડતમાલનો છેવટનો સ્ટોક શોધો

આડત પર મોકલેલ 2000લિટર રસાયણ રૂ.450000

માલધણીએચૂકવેલખર્ચા રૂ.10000

આડતિયાએચૂકવેલ નૂર – જકાત રૂ 4000

ગોડાઉનમાં 400લિટર રસાયણ ઢોળાઈ ગયું.

વીમાકંપનીએચૂકવેલ રકમ રૂ.90000

કુદરતી કારણોસર ઘટ પડી 50લિટર

આડતિયાએવેચેલ રસાયણ 1350લિટર

12.તા. ૧-૪-૨૦૨૪ના રોજ માંડવીના સ્નેહે તેમના એજન્ટ કડકીયાના આશિષને ૮,૦૦૦ લિટર ઓઇલ રૂ. ૬,૪૦,૦૦૦ની પડતર કિંમતનું આડતથીવેચવા મોકલ્યું. પરંતુ કાચું ભરતિયું ભરતિયા કિંમત પર ૨૦ % નફો દર્શાવે તે કિંમતે બનાવવામાં આવ્યું છે. સ્નેહે નીચે મુજબનો ખર્ચ ચૂકવ્યો :

નૂર રૂ. ૧૦,૦૦૦, વીમો રૂ. ૩૦,૦૦૦.

તા. ૧-૪-૨૦૨૪ના રોજ સ્નેહે રૂ.૫,૦૦,૦૦૦ની ત્રણ માસની મુદતની એક હૂંડી આશિષ ઉપર લખી, જે તેણે સ્વીકારીને તરત જ પરત કરી. સ્નેહે આ હૂંડી તા. ૧-૫-૨૦૨૪ ના રોજ ૧૨%ના વાર્ષિક દરે વટાવી.

તેણે વેચાણ આંકડામાં જણાવ્યું કે :

(૧) તેણે જકાતના રૂ. ૧૦,૦૦૦, વીમાના રૂ. ૧૦,૦૦૦ અને વેચાણ ખર્ચના રૂ. ૧૫,૬૩૯ ચૂકવ્યા.

(૨) ૪૫% ઓઇલ ભરતિયા કિંમત પર ૨૫% નફો ચઢાવીનેરોકડેથીવેચ્યું.

(૩) ૨૫% ઓઇલ ભરતિયા કિંમત પર ૫૦% નફો ચઢાવીનેબ્રિજેશનેવેચ્યું.

(૪) ૧૦% ઓઇલ ભરતિયા કિંમત પર ૨૫% નફો ચઢાવીને સ્નેહની ભલામણ થી રાજેશ ને વેચ્યું.

(૫) ૫% ઓઇલ પોતાના અંગત વપરાશ માટે ભરતિયા કિંમતે ખરીદી લીધું.

(૬) ૫% ઓઇલ નાશ પામ્યું જેનો ૬૦% દાવો વીમાકંપનીએચૂકવ્યો.

(૭) લીકેજને કારણે ૫% ઓઇલને નુકસાન થયું જે સામાન્ય નુકસાન ગણી શકાય.

(૮) બંને ગ્રાહકો ૭૫% રકમ ચૂકવ્યા પછી નાદાર જાહેર થયા, તેમની અંગત મિલકતમાંથી ૭૫% રકમ વસૂલ કરી શક્યા. આશિષને ૫% સાદી આડત અને ૨% આસામી આડત આપવામાં આવે છે. વળી આશિષને આડત, આસામી આડત અને નફાનો ભાગ બાદ કર્યા પછીના થયેલા ચોખ્ખા નફાનો ૧/૮ ભાગ આપવાનો છે.

ઉપરની વિગતો પરથી સ્નેહનાચોપડામાં આડતમાલ ખાતું તૈયાર કરો.

13.ધરમપુર ના ધરમે વાંસદાના વસંત પર ભરતિયા કિંમત પર ૩૦% નફો ચઢાવીને ભરતિયા કિંમતે રૂ.૬,૮૮,૫૦૦નો માલ આડત થી વેચવા મોકલ્યો. નૂર અને વીમાના મોકલેલ માલની ભરતિયા કિંમતના ૫% ચૂકવ્યા.

ધરમે વસંત પર ચાર માસની મુદતની એક હૂંડી લખી, જે વસંતે સ્વીકારી તરત જ પરત કરી હતી. ધરમે આ હૂંડી એક માસ પછી વાર્ષિક ૧૦%ના વટાવે રૂ. ૧,૬૫,૭૫૦માં બૅન્કમાં વટાવી.

રસ્તામાં મોકલેલમાલના ૮% જેટલો ભરતિયા કિંમતનો માલ ચોરાઇ ગયો. વીમા કંપનીએ રૂ.૩૯,૧૦૦નો દાવો મંજૂર કર્યો. વસંત ૯% સામાન્ય આડત અને ૪% આસામી આડત મેળવવા હક્કદારછે.વસંતે મોકલેલ વેચાણ આંકડા મુજબ :

(૧) નૂર-માલ છોડાવવાના રૂ. ૩,૨૭૧ અને વેચાણ ખર્ચના રૂ. ૧૩,૭૩૦ ચૂકવ્યા હતા.

(૨) તેને મળેલ માલ પૈકી ૩૦% માલનું વેચાણ ભ. કિં. પર ૨૫% નફો ચઢાવીનેરોકડેથી કર્યું હતું, બાકી રહેલા માલ પૈકી રૂ. ૩,૪૪,૩૯૪ નો માલ રૂ. ૪,૦૯,૦૦૦માં ઉધાર વેચાણ કર્યું.

(૩) ઉધાર વેચાણ પૈકી એક ગ્રાહક નાદાર જાહેર થવાથી તેમની પાસેની નીકળતીરકમમાંથી રૂ. ૨,૦૭૦ માંડી વાળવા પડ્યા. બાકીની રકમ વસંતને મળી ગઈ હતી.

ઉપરોક્ત માહિતી પરથી ધરમના ચોપડે આડતમાલ ખાતું અને વસંતના ચોપડે ધરમનું ખાતું તૈયાર કરો.

14. અમદાવાદના અમરે સુરતના સુરજને તા. ૧-૧-૨૦૨૪ના રોજ રૂ. ૯૩,૭૫૦ ની ભરતિયા કિંમતનો એક એવા ૬૩ મોબાઇલ આડતથીવેચવા મોકલ્યા. મૂળ કિંમત પર ૨૫% નફો ચઢાવીને ભરતિયા કિંમત નક્કી કરવામાં આવે છે, અમરે માલ મોકલતી વખતે રૂ. ૬,૮૦૪ ગાડીભાડાના ૩. ૧૯,૨૭૮ નૂરના અને રૂ ૫,૬૭૦ વીમાના ચૂકવ્યા હતા. તા. ૧-૧-૨૪ના રોજ અમરે રૂ. ૧૮,૦૦,૦૦ની ત્રણ માસની મુદતની એક હૂંડી સૂરજ પર લખી જે તેણે સ્વીકારીને તરત જ પરત કરી, જે અમરે તા. ૧-૨-૨૪ના રોજ વાર્ષિક ૧૧% દરેબૅન્કમાં વટાવી. રસ્તામાં અકસ્માતથી ૯ મોબાઇલને નુકસાન થયું. જેની સામે વીમા કંપનીએ રૂ.૩,૭૦,૦૦૦નો દાવો સ્વીકાર્યો.આ નુકસાનીવાળા મોબાઇલ નું સૂરજે રૂ. ૩,૦૯,૫૩૬માં રોકડેથી વેચાણ કર્યું. સૂરજને તેણે વેચેલ માલ ની ભરતિયા કિંમત પર ૫% કમિશન (નુકસાનીવાળા મોબાઇલની વેચાણ કિંમત પર ૫%) તથા ભરતિયાકિંમતથી વધુ ઉપજાવેલ વેચાણ કિંમત પર ૧૦% કમિશન અને ઉધાર વેચાણ પર ૨% આસામી આડત આપવાની છે.

તા. ૩૧-૧૨-'૨૪ના રોજ સૂરજે વેચાણ આંકડો અને તેની પાસેથી લેણી રકમનો બૅન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો. તેણે વેચાણ આંકડામાં જણાવ્યું કે –

(૧) તેણે રૂ. ૨૭,૨૧૬ જકાતના, રૂ. ૧૧,૧૭૮ ગોડાઉન ભાડાના અને રૂ. ૯૯,૦૦૦ જાહેરાત ખર્ચ ના ચૂકવ્યા હતા.

(૨) તેણે ૩૬ મોબાઇલ રૂ.૧,૨૬,૦૦૦ના ભાવે રોકડેથીવેચ્યા અને ૧૦ મોબાઇલ દરે રૂ.૧,૩૩,૦૦૦ના ભાવે ઉધાર વેચ્યા હતા, જે પૈકી ૩ મોબાઇલ અમર ની ભલામણ થી તરલને વેચ્યા હતા.

(૩) બાકી વધેલ મોબાઇલને વેચાણ યોગ્ય સ્થિતિમાં લાવવા રૂ. ૩,૬૦૦ સમારકામ ખર્ચ સૂરજેચૂકવ્યો.

(૪) તરલ નાદાર જાહેર થયો, તેની પાસેથી ૮૦% રકમ વસૂલ થઈ શકી.

ઉપરની વિગતો પરથી અમરના ચોપડે આડતમાલ ખાતું બનાવો તેમજ સૂરજેચૂકવેલ રકમની આમનોંધ લખો.

15. નીચે આપેલી માહિતી પરથી તા. ૩૦-૬-૨૦૨૪ના રોજ પૂરા થતા વર્ષ માટે માલધણી ચૈત્રના ચોપડે આડતમાલ ખાતું અને આડતિયાભવ્યનું ખાતું તૈયાર કરો :

UDHNA COLLEGE

(૧) બીલીમોરા ના ચૈત્ર એ ભરૂચના ભવ્યને તા. ૧-૭-૨૦૨૩ના રોજ ભરતિયા કિંમતે માલ મોકલ્યો, ભરતિયા કિંમત પર ૨૦% નફો ચઢાવીને કાચું ભરતિયું તૈયાર કરવામાં આવે છે.

(૨) ચૈત્રએ માલ મોકલતાં નૂર અને વીમાના રૂ. ૫,૦૦૦ ચૂકવ્યા હતા.

(૩)તા. ૧-૭-૨૦૨૩ના રોજ ચૈત્રએ ભવ્ય પર રૂ. ૩,૦૦,૦૦૦ની ત્રણ માસની મુદતની હૂંડી લખી હતી, જે ભવ્યએ સ્વીકારીને તરત જ પરત કરી હતી. ચૈત્રએ આ હૂંડી તા.૪-૮-૨૦૨૩ના રોજ બૅન્કમાં વાર્ષિક ૧૦%ના દરે વટાવી.

(૪) રસ્તામાં સંપૂર્ણ નાશ પામેલ માલની ભરતિયા કિંમત રૂ. ૬૨,૫૦૦ હતી, જે પૈકી વીમા કંપનીએ રૂ. ૪૫,૦૦૦નો દાવો મંજૂર કર્યો.

(૫)ભવ્યએ માલ ઉતારવાના રૂ.૨,૫૦૦, જાહેરાતના રૂ. ૧,૫૦૦, માલ ગોડાઉન માં લાવવાના રૂ. ૨,૨૫૦ અને વેચાણ ખર્ચના રૂ. ૩,૦૦૦ ચૂકવ્યા.

(૬) વર્ષના અંતે ભવ્ય પાસે વેચાયા વગરના માલ સ્ટૉક ની ભરતિયા કિંમત રૂ. ૧,૫૦,૦૦૦ હતી.

(૭) રૂ. ૩૭,૫૦૦ની ભરતિયા કિંમતનો માલ વેચી શકાય તેવો ન હોવાથી પરત કર્યો, જે માટે રૂ. ૨,૫૦૦ ખર્ચ થયો.

(૮) ભવ્ય ૫% લેખે સામાન્ય આડત અને ૧% લેખે આસામી આડત મેળવવા હકદાર છે. આ ઉપરાંત તેને ચોખ્ખાનફાના ૧૦% લેખે (કમિશન અને નફાનો ભાગ બાદ કર્યા બાદ) નફામાં ભાગ પણ આપવાનો છે. ભવ્યને સામાન્ય આડત રૂ. ૬૨,૫૦૦ ચૂકવવાની થઈ. રોકડ અને ઉધાર વેચાણનું પ્રમાણ ૧ : ૩ છે

(૯) ઉધાર વેચાણ પૈકી એક ગ્રાહક જેને રૂ. ૫૦,૦૦૦નો માલ ઉધાર વેચવામાં આવ્યો હતો (ચૈત્ર ની ભલામણથી) તે નાદાર જાહેર થયો, તેની પાસેથી ૮૦% રકમ વસૂલ થઇ શકી.

(૧૦) ભવ્યએ બધું જ વેચાણ ભરતિયા કિંમત પર ૨૫% નફો ચઢાવીને કરેલ હતું.

16. મહેસાણા કેમિકલ્સે તા. ૧-૪-૨૦૨૩ના રોજ પાટણ કેમિકલ્સને ૧૦,૦૦૦ લિટર કેમિકલ્સ લિટરદીઠ રૂ. ૧૦-ની પડતર કિંમતે આડતથી વેચવા મોકલ્યું. મહેસાણા કેમિકલ્સે વીમો અને નૂરના રૂ. ૨૫,૦૦૦ ચૂકવ્યા. મહેસાણા કેમિકલ્સે તા.૧-૪-૨૦૨૩ ના રોજ પાટણ કેમિકલ્સ પર રૂ.૧૨,૦૦૦ની હૂંડી લખી, જે પાટણ કેમિકલ્સે તરત જ સ્વીકારીને પરત કરી.

પાટણ કેમિકલ્સ કુલ વેચાણ પર ૫% લેખે સામાન્ય આડત અને ઉધાર વેચાણ પર ૨% લેખે આસામી આડત મેળવવા હકદાર છે.

UDHNA COLLEGE

રસ્તામાં ૨૦૦ લિટર રસાયણનું ચોરીથી નુકસાન થયું અને વીમા કંપનીએ રૂ. ૧,૮૦૦નો દાવો સ્વીકાર્યો.

તા. ૩૧-૩-૨૦૨૪ના રોજ પાટણ કેમિકલ્સે વેચાણ આંકડો અને તેમની પાસેથી લેણી રકમનો બૅન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો. તેણે વેચાણ આંકડામાં જણાવ્યું કે —

(૧) ૧૦૦ લિટર રસાયણની કુદરતી કારણોસર ઘટ પડી હતી.

(૨) તેણે બાકીનો માલ છોડાવતી વખતે ખર્ચના રૂ. ૫,૦૦૦ અને વેચાણ ખર્ચના રૂ. ૧,૦૦૦ ચૂકવ્યા હતા.

(૩) તેણે ૫,૨૦૦ લિટર રસાયણ લિટરદીઠ રૂ. ૨૦ના ભાવે ઉધાર વેચ્યું હતું.

(૪) તેણે ૩,૦૦૦ લિટર રસાયણ લિટરદીઠ રૂ. ૧૮ના ભાવે રોકડેથીવેચ્યું હતું.

(૫) તેણે ૫૦૦ લિટર રસાયણ, લિટરદીઠ રૂ. ૧૮ના ભાવે પોતાના અંગત ઉપયોગ માટે ખરીદ્યું હતું.

(૬) કુલ ઉધાર વેચાણ પૈકી રૂ.૫,૪૨૦નું ઉધાર વેચાણ શ્રી અમિતને અને રૂ. ૧૦,૦૦૦નું વેચાણ મહેસાણા કેમિકલ્સની ભલામણ અને જવાબદારીથી શ્રી નીતિનને કરેલ હતું.

(૭) અમિત પાસેથી ફક્ત રૂ. ૫,૦૦૦ વસૂલ થઈ શકયા અને નીતિન પાસેથી ૫૦% રકમ જ વસૂલ થઈ શકી.

તૈયાર કરો:

(૧) મહેસાણા કેમિકલ્સના ચોપડે આડતમાલ ખાતું.

(૨) પાટણ કેમિકલ્સના ચોપડે માલધણીનું ખાતું અને આડત ખાતું.

17.તા. ૧લી એપ્રિલ, ૨૦૨૩ ના રોજ જૈત્રે અમુક સ્માર્ટ ફોન દરેક રૂ. ૯,૯૯૯ની ભરતિય કિંમતે રોનક ને આડત થી વેચવા મોકલ્યા. કાચું ભરતિયું ભરતિયા કિંમત પર ૩૩ ૧/3% નફો દર્શાવે તે કિંમતે બનાવવામાં આવ્યું હતું. માલ મોકલતાં જૈત્રે નીચે મુજબ ખર્ચ કર્યો :

નૂર રૂ. ૨૫,૦૦૦

વીમો રૂ. ૧,૦૦,૦૦૦

રોનક કુલ વેચાણ પર ૧૧% કમિશન અને ઉધાર વેચાણ પર ૫% આસામી આડત મેળવવા હકદાર છે. રોનકે રૂ. ૧૮,૦૦૦ માલ છોડાવવાનો ખર્ચ તેમજ વેચાણ ખર્ચના રૂ. ૩૦,૦૦૦ ચૂકવ્યા.

UDHNA COLLEGE

મોકલેલસ્માર્ટફોનમાંથી ૪/૫ ભાગના સ્માર્ટ ફોન ભરતિયા કિંમત પર ૩૩ ૧/3% નફો મળે તે રીતે ૧૦% વેપારી વટાવે વેચેલ હતા. જેમાંથી ૧/૪ ભાગના સ્માર્ટ ફોન ઉધાર વેચેલ હતા. બાકી વધેલા સ્માર્ટ ફોન માંથી ૧/૨ ભાગના ફોન હજુ રસ્તામાં હતા અને બાકીનાસ્માર્ટ ફોન નાશ પામ્યા હતા . વીમા કંપનીએ ૧૦% ઓછા મંજૂર કર્યા.

રોનકે કરેલ કુલ વેચાણમાં રોકડ વેચાણ રૂ. ૧૪,૩૯,૮૫૬ હતું. રોનકે બાકીની રકમનો બૅન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો.

જૈત્રના ચોપડે આમનોંધ લખો.

Q17) VNSGU APRIL 2024:

અમરચંદે 200 ટીન તેલ રૂ. 1,800 પ્રતત ટીન દરેક 15 તકલો સુરતીને આડતથી વેચવા મોકલવામાં આવ્યા હતા તેણે રૂ. 3,000 ખચચ માટે ચૂકવ્યા. સામાન્ય નુકશાન ૧૦% છે. જો સ્ટોક ૫૭૦ તકલો તેલ હોય તો આખરસ્ટોક મૂલ્યની ગણતરી કરો અને આમનોંધ લખો.

Q18) VNSGU APRIL 2024:

માલધણી 01-01-2024ના રોજ આડતતયા પર ત્રણ મતહનાની હૂંડી લખે છે. તેણે બેંકમા માતસક ૦.૯૦% એ. રૂ. ૨૪,૩૦૦ વટાવથી વટાવી. માલધણીના ચોપડામાં આમનોંધ લખો.

Q19) VNSGU APRIL 2024:

ગુજરાતના X લીમીટેડે રૂ. ૧૦૦ પ્રતત સાડીના ભાવની ૩૦૦૦ સાડીઓ રૂ.૧૫૦પ્રતત સાડીની ભરતતયા તકંમતે કોલકાતાની Y તલતમટેડને આડતથી વેચવા મોકલી હતી. X લીમીટેડે રૂ. ૬૦૦૦ પેતકંગ અને નૂર માટે ચુકવ્યા. રસ્તામાં ૧૦ સાડીઓને સંપૂણચ નુકસાન થયું હતું અને વીમા કંપનીએ ૬૦% રકમનો દાવો સ્વીકાયો.
Y તલતમટેડે સાડી દીઠ રૂ. ૧૬૦ લેખે ૨૫૦૦ સાડીઓ રોકડેથી, ૫૦ સાડીઓ રૂ.૧૭૦ લેખે ઉધારથી વેચી અને ૪૦ સાડીઓ રૂ. ૧૭૫ લેખે X લીમીટેડની ભલામણથી ઉધાર પર વેચી, જેમાં રૂ. ૧૫૦૦નો વેચાણ ખચચ કયો Y તલતમટેડે X લીમીટેડના ખાતામાં રૂ. ૨,૫૦,૦૦૦ મોકલ્યા. તેઓ કુલ વેચાણ પર ૫% સામાન્ય આડત અને રૂ. ૧૫૦ પ્રતત સાડીથી વધુની કોઈ પણ વધારાની તકંમત પર વધુ ૨૫% કતમશન મેળવવા માટે હકદાર છે. ૧૫૦૦ સાડીઓ ગુજરાતમાં રૂ. ૧૧૦પ્રતત સાડીના ભાવે વેચી. X લીમીટેડના ચોપડે
(1) આડતમાલખાતું અને
(2) Y લીમીટેડનું ખાતું તૈયાર કરો.

Q20) VNSGU APRIL 2024:

ઓ જનરલ કંપનીએ સુરત ટરેડીંગ કંપનીને ૧૦૦ A.C તા.૦૧/૦૧/૨૦૨૩ ના રોજ આડતથી વેચવા મોકલ્યા. દરેક A.C રૂ. 20,000 ની ભરતતયા તકંમતે મોકલ્યા હતા. ભરતતયા તકંમત પર ૨૫% નફો મળે તે રીતે ભરતતયા તકંમત નક્કી કરવામાં આવે છે. ઓ જનરલ કંપનીએ માલ મોકલતી વખતે ગાડીનો ખચચ રૂ. ૨૫૦૦, નૂર રૂ. ૫૦૦૦ અને વીમો રૂ. ૭૫૦૦ ચૂકવ્યા હતા.. સુરત ટરેતડંગ કું. એ પાંચ મતહનાની માટે રૂ. ૫,૦૦,૦૦૦ની હૂંડી સ્વીકારીને પરત કરી. ઓ જનરલ કંપનીએ બે માસ પછી વાતર્ષચક 12%ના દરે હૂંડી બૅન્કમાં વટાવી. સુરત ટરેતડંગ કંપની ૧૦% સામાન્ય આડત અને ૫% આસામી આડત મેળવવા માટે હકદાર છે. આ ઉપરાંત તેને ચોખ્ખા નફાના 10% લેખે નફાભાગ પણ આપવાનો છે.૩૧-૧૨-૨૦૨૩ ના રોજ સુરત ટરેતડંગ કં.એ વેચાણ આંકડો અને બૅન્ક ડરાફટ મોકલી આપ્યો. તેની પાસેથી મળેલ વેચાણ આંકડામાં નીચે મુજબની તવગતો મળેલ છે:

(1) તેણે ગાડીભાડા માટે રૂ.1, 000, ઓકટટરોય રૂ. 4,000 અને જાહેરાત માટે રૂ. 1,360 ચૂકવ્યા.
(2) તેણે ૩/૫ A.C ૩૦% નફાથી રોકડેથી વેચ્યા.
(3) તેણે પટેલ બ્રધસચને ૧/૫ A.C ૫૦% નફાથી ઉધાર વેચ્યા.
(4) તેણે ઓ જનરલ કંપનીની ભલામણ અને જવાબદારી મુજબ મજેઠીયાને ૧/૨૦ A.C ૪૦% નફાથી વેચ્યા.
(5) તેણે પોતાના અંગત ઉપયોગ માટે ૧/૧૦૦ A.C. ભરતતયા તકંમતે ખરીધા.
(6) તેના ગોડાઉનમાં સ્ટોરકીપરની બેદરકારીને કારણે ૧/૨૫ A.C ને નુકસાન થયું હતું.વીમા કંપનીએ ૩૦% ઓછો દાવો મંજૂર કયાચ. તેણે આ ખમીવાળો સામાન ૫૦% ઓછા ભાવે રોકડેથી વેચ્યો.
7. બંને ગ્રાહકો ૯૦% ચૂકવ્યા પછી નાદાર બન્યા અને તેમની તમલકતમાંથી અંતતમ તડતવડન્ડ તરીકે રૂતપયા દીઠ ૯૦ પૈસા લેખે વસૂલ થયા.
8. બાકી માલને વેચાણ યોગ્ય બનાવવા માટે કેટલાક સમારકામ ખચચની જરૂર છે,જે અંદાતજત રૂ. ૨૦૦૦ હતો. ઉપરોક્ત તવગતો પરથી માલધણીના ચોપડામાં આડતમાલ ખાતુ તૈયાર કરો.

Q21) VNSGU APRIL 2023:

માલધણીએ આડતીયા પર તા. ૦૧/૦૧/૨૨ નાં રોજ લખેલી ત્રણ માસની મુદ્દતની હુંડી બેંકમાં રૂ. ૧૨૦૦૦ ના વટાવથી વટાવી. વટાવનો દર વાર્ષિક ૧૦% લેખે છે. માલધણીનાં ચોપડે આમનોંધ લખો.

Q22) VNSGU APRIL 2023:

તા. ૧લી ફેબ્રુઆરી ૨૦૨૨નાં રોજ અતિકે આરતીને રૂ. ૨૦૦ની પડતર કિંમતનાં ૧,૦૦૦ રમકડાં, દરેક રૂ. ૨૪૦ની ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલ્યા. અતિકે માલ મોકલતાં નીચે મુજબ ખર્ચ કર્યો. (૧૪)

નૂર રૂ. ૨,૦૦૦ અને વીમો રૂ. ૮,૦૦૦

આરતી કુલ વેચાણ પર ૧૦% કમિશન અને ઉધાર વેચાણ પર ૫% આસામી આડત મેળવવા હકદાર છે.

તા. ૩૧/૦૩/૨૦૨૨નાં રોજ આરતીએ વેચાણ આંકડો અને તે પાસેથી લેણી રકમનો બેંકડ્રાફ્ટ મોકલી આપ્યો. તેની પાસેથી મળેલ વેચાણ આંકડા મુજબ ૫૦૦ રમકડાં દરેક રૂ. ૨૮૦ની કિંમતે રોકડેથી વેચ્યા હતા અને ૨૦૦ રમકડાં દરેક રૂ. ૩૦૦ની કિંમતે ઉધાર વેચ્યા હતા. આડતિયાએ નીચે પ્રમાણે ખર્ચ કર્યો:

માલ છોડવવાનો ખર્ચ રૂ. ૧,૭૦૦, વખાર અને સંગ્રહ ખર્ચ રૂ. ૩,૪૦૦ અને પેકિંગ ખર્ચ રૂ. ૧,૨૦૦. રસ્તામાં ૫૦ રમકડાં સંપૂર્ણ નુકશાન પામ્યા અને વીમા કંપનીએ રૂ. ૭,૨૦૦નો દાવો સ્વીકાર્યો. એમ જાણવા મળ્યું હતું કે ૧૦૦ રમકડાં હજી રસ્તામાં હતા. ઉધાર વેચાણ પૈકી ૯૦% રકમ વસૂલ થઈ શકી.

માલધણીનાં ચોપડે આડતમાલ ખાતું અને આડતીયાનું ખાતું તૈયાર કરો.

UDHNA CO